## સંશોધન નિયામકશ્રીની કચેરી
આણંદ કૃષિ યુનિવર્સિટી
આણંદ-૩૮૮ ૧૧૦


વંચાણે લીધો : અત્રેની કચેરીના પરિપત્ર જા.નં. આકૃયુ/સંનિ/ટી.૧/૧૨૬૯૬/૨૦૨૧ તા. ૨૬/03/૨૦૨૧

# પરિપત્ર

આથી આણંદ કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે, આપશ્રીના યુનિટ/સબ યુનિટ હસ્તકની વિવિધ યોજનાઓ જેવી કે પ્લાન/નોન-પ્લાન/આઇસીએઆર/અધર એજન્સી/રીવોલ્વીંગ ફંડ વિગેરેમાં ચાલુ નાણાંકિય વર્ષ દરમ્યાન નોન-રીકરીંગ સદરે વિવિધ સાધનો મંજુર થયેલ હશે. જેથી સદર સાધનોની ખરીદી પૂર્ણ થઇ શકે તે હેતુસર જે સાધનોની ખરીદી GeM પર શકય ન હોઇ તેવા સાધનોને GeM બહારથી નિતિ-નિયમોનુસાર ખરીદી માટે NOC મેળવી શકાય તે માટે નીચે દર્શાવ્યા મુજબની વિગતે તાત્કાલિક ધોરણે કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

- મંજુર થયેલ સાધનોની ખરીદી GeM પરથી ડાયરેકટ પરચેઝ/સરખામણી/બીડ વિગેરે દ્વારા કરવા માટે કાર્યવાહી કરવી.
- ઉપરોકત વિગતે ખરીદી થઇ શકે તેમ ન હોય તો GeM પર કસ્ટમ બીડ કરવી. કસ્ટમ બીડ કર્યા બાદ પણ ખરીદી થઇ શકે તેમ ન હોય તો અત્રેની કચેરીએ NOC માટે દરખાસ્ત કરવી. વધુમાં, કોઇપણ કચેરીએ NOC માટે ગાંધીનગર ખાતે સીધી દરખાસ્ત કરવાની રહેશે નહિ.
- અત્રેની કચેરીએ દરખાસ્ત કરતી વખતે તમામ જરૂરી પત્રો જેવા કે, કસ્ટમ બીડની વિગત, GeM પરથી ખરીદી માટે કરેલ કાર્યવાહીના અન્ય પત્રો, વંચાણે લીધેલ પરિપત્ર મુજબની કમિટીની ભલામણ વગેરે તેમજ કસ્ટમ બીડ કરવામાં આવેલ ન હોય તો તેનું કારણ ફરજીયાત પણે સામેલ કરવાનું રહેશે અન્યથા દરખાસ્ત ધ્યાને લેવામાં આવશે નહિ.
- ઉપરોકત તમામ કામગીરી તા.૨૦/૦૭/૨૦૨૧ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે તેમજ NOC માટેની દરખાસ્ત **બે નકલમાં તા.૩૧/૦૭/૨૦૨૧ સુધીમાં** અત્રેની કચેરીએ ફરજીયાત પણે મોકલી આપવાની રહેશે.
- રૂ.૧ કરોડથી વધારે કિંમતના સાધનોના NOC માટે અલગથી દરખાસ્ત કરવાની રહેશે.
- સદર દરખાસ્ત કરતી વખતે ફોરવડીંગ લેટરમાં નીચે દર્શાવેલ કોષ્ટક મુજબની વિગતો ફરજીયાત પણે સામેલ કરવાની રહેશે.

| સાધનનું નામ | ફાળવેલ ગ્રાન્ટ/ સાધનની અંદાજીત કિંમત (રૂ.) | સ્પેસીફીકેશન | GeM પરથી ખરીદી કરવા માટે કરવામાં આવેલ કાર્યવાહીની વિગત (ટૂંકમાં) | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિધાશાખાધ્યક્ષ

જા.નં. આ.કૃ.યુ/સં.નિ./ ટી.૧/ ૨૫૭૪ /૨૦૨૧
તા. ૯ / ૯/૨૦૨૧

<u>નકલ રવાના પ્રતિ,</u>

1. માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આ.કૃ.યુ., આણંદ તરફ જાણ સારૂ
2. આણંદ કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા ઘટતું થવા સારૂ.